Navgujarat Samay

March 7, 2016
Page No. 8
(ET Wealth)

# સ્ટાર્ટઅપ શરૂ કરો છો, નાણાકીય પરિસ્થિતિ સુદઢ કરો

## ઉદ્યોગસાહસિક બનવા માંગતા હોય તે પૂર્વે પર્સનલ ફાઇનાન્સનું યોગ્ય આયોજન કરવાથી નાણાકીય પડકાર હળવા બનશે

પ્રીતિ કુલકર્ણી

કોઈ પણ બિઝનેસનો પ્રારંભ કરતાં પહેલાં ઉદ્યોગસાહસિકે પોતાના પર્સનલ ફાઈનાન્સિસને સલામત રાખવું જોઈએ. હાલમાં સ્ટાર્ટ-અપ્સની બહુ વાતો સંભળાઈ રહી છે તે સરકારે તાજેતરમાં જાહેર કરેલા ₹૧૦,૦૦૦ કરોડના ભંડોળને આભારી છે. તેમાં નફામાં ત્રણ વર્ષના ટેક્સ હોલિડે અને ઈન્સ્પેક્ટર રાજથી મુક્તિનો સમાવેશ થાય છે. આ ઉત્સાહજનક વાતાવરણમાં કેટલાય લોકો એવા હશે જે સ્ટાર્ટઅપ શરૂ કરવાની લાલચ નહીં રોકી શકે. પણ તેમણે પોતાનો કારોબાર શરૂ કરતાં અગાઉ પોતાના વ્યક્તિગત ફાઈનાન્સિસને સલામત કરી દેવા જોઈએ. ઉદ્યોગસાહસિક બનતાં પૂર્વે તમારું પ્રથમ પગલું તમારા વ્યક્તિગત ફાઈનાન્સને સુગઠિત કરવાનું હોવું જોઈએ. તગડાં પગાર અને લાખો ડોલરની ડીલની સાથે કેટલાંય સ્વપ્નોનો પણ ભોગ આપવો પડે છે, તેમાં શૈક્ષણિક ખર્ચ, રદ થયેલી રજાઓ, જીવનશૈલીના ખર્ચમાં મોટી કપાત વગેરેનો સમાવેશ થાય છે. તેની સાથે કેટલા સફળ સ્ટાર્ટઅપ સ્થાપકોએ તેમના પર્સનલ ફાઈનાન્સને કેવી રીતે સુગઠિત કર્યા તે વાંચવું જોઈએ તથા તેઓએ તેમનાં સ્વપ્નોને કેવી રીતે સાકાર કર્યાં તે જોવું જોઈએ.

### ઈચ્છાઓમાં કાપ

હૈદરાબાદ સ્થિત ૪૩ વર્ષનાં અનુરાધા આચાર્ય મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ ફર્મ MapMyGenome.inના સ્થાપક અને સીઈઓ છે. તેમણે ૨૦૧૨માં આ સાહસ શરૂ કર્યું હતું અને આ માટે તેમણે કેટલાંક સમાધાન કરવા પડ્યાં હતાં. તેવી જ રીતે ચેન્નાઈ સ્થિત ટ્રાવેલ અને એકોમોડેશન ફેસિલિટેશન પોર્ટલ StayZilla.comના સહ-સ્થાપક સચિત સંઘવીએ પણ આ બધાં પરિબળોનો પહેલાં વિચાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, "પ્રારંભિક ત્રણથી ચાર વર્ષ દરમિયાન મારી પત્ની અને મારે કેટલાક ભોગ આપવા પડ્યા હતા. અમે ફરવા માટે ટુ-વ્હીલરનો ઉપયોગ કરતા હતા અને રજાઓ ગાળવાનું તો ભૂલી જ ગયા હતા. સિંઘવી પાસે પોતાની ચાર લાખ રૂપિયાની બચત હતી અને ચુસ્ત નાણાકીય આયોજનના લીધે તેઓ આવકની અછત વચ્ચે પણ ટકી શક્યા હતા. અમે સમગ્ર સમયગાળા માટે બજેટ બનાવ્યું હતું અને તેમાંથી ક્યારેય ચલિત થયા ન હતા." એમ તેઓ ઉમેરે છે. સદ્નસીબે અમારી કોઈ જવાબદારી ન હતી અને તેમની પત્નીનો કોર્પોરેટ હેલ્થ ઈન્શ્યોરન્સ સમગ્ર કુટુંબને આવરી લેતો હતો. તેઓ ક્રેડિટ કાર્ડ વડે ખર્ચ કરવાની લાલચથી દૂર રહ્યા હતા.

ફાઈનાન્શિયલ પ્લાનર્સ પણ આવા સાહસિકો માટે કટોકટીના આયોજનની તરફેણ કરે છે. "સ્ટાર્ટઅપમાં પ્રવેશવાનું આયોજન ધરાવનારે કમ સે કમ એક વર્ષના ખર્ચની રકમ ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકી દેવી જોઈએ, કારણ કે તેની સાથે ઘણી બધી અનિશ્ચિતતા જોડાયેલી હોય છે." એમ ઓપ્ટિમા મની મેનેજર્સના સીઈઓ પંકજ માથપાલનું કહેવું છે. તેમાં પણ ખાસ કરીને કુટુંબ માટે આવકનો બીજો પ્રવાહ ન ધરાવનારાઓએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે પ્રતિકૂળ સ્થિતિમાં પણ તેમના કુટુંબને નાણાકીય રીતે ટકી રહેવામાં કોઈ વાંધો ન આવે.






**અનુરાધા આચાર્ય**

૪૩ વર્ષ, હૈદરાબાદ
સ્થાપક, સીઇઓ, Mapmygenome.in
પ્રારંભ ૨૦૧૩

સ્ટાર્ટ અપ શરૂ કરતાં પહેલાં આયોજન
હું કેટલાય સમય સુધી સીઇઓ તરીકેનું વેતન નહીં લઈ શકું. હું ઓછામાં ઓછી રકમ લેતી અને મારા બજેટમાં એડજસ્ટમેન્ટ કરતી. રજાઓ ભૂલી જવી પડી. મોટા ખર્ચા છોડવા પડ્યા

**ઉદ્યોગ સાહસિક બનનારા લોકો માટે સલાહ**
જીવનમાં શિક્ષણ, મકાન અને લગ્ન ત્રણેયનો ખ્ચ વધારે હોવાથી તેના માટે નાણા અલગ રાખી મૂકવા જોઈએ.



**સચિત સિંઘી**

૩૪ વર્ષ, ચેન્નાઈ
સહસ્થાપક, ડિરેક્ટર, ભાગીદારી Stayzilla
પ્રારંભઃ ૨૦૦૬

સ્ટાર્ટ અપ શરૂ કરતાં પહેલાં આયોજન
મેં મારા સ્ટાર્ટ અપ વેન્ચરના આયોજનની મારી પત્ની સાથે ચર્ચા કરી. આ સંયુક્ત નિર્ણય હતો. તેની નોકરી હતી અને તેના ટેકાના લીધે પરિવર્તનના વર્ષો સારી રીતે પસાર કરવામાં મદદ મળી. અમે ત્રણથી ચાર વર્ષનું બજેટ બનાવ્યું હતું અને તેને ક્યારેય અતિક્રમી ગયા ન હતા.

**ઉદ્યોગ સાહસિક બનનારા લોકો માટે સલાહ**
બજેટ નક્કી કરો અને પછી ક્યારેય તેનો ભંગ ન કરો. તેને જ અનુસરો.